# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-10-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મહોમ્મદ મુઈજ્જૂ સાથે દ્વીપક્ષીય વાટાઘાટો કરશે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીમાં નક્સલવાદ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સમીક્ષા બેઠક કરશે

3) હરિયાણા અને જમ્મૂ કાશ્મીરમાં આવતીકાલે થનારી મતગણતરીને લઈને તૈયારીઓ પૂર્ણ

4) ગુજરાતમાં આજથી વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન

5) અને હમાસે કરેલા આંતકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થતા ઇઝરાયેલમાં અલર્ટની સ્થિતિ

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MALDIVES PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મહોમ્મદ મુઈજ્જૂ સાથે પરસ્પર હિત સંદર્ભે દ્વીપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વાટાઘાટો કરશે. જે બાદ બંને દેશો વચ્ચે કેટલાક કરારો પર હસ્તાક્ષર થશે. આ મુલાકાત પૂર્વે માલદીવના રાષ્ટ્રપતિનું રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવશે.

તેઓ રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાત કરશે. ડૉ. મુઈજ્જુ આવતીકાલે આગ્રા અને મુંબઈ જ્યારે બુધવારે બેંગલુરુની મુલાકાત લેશે. તેઓ ગઈકાલે ભારતના પાંચ દિવસીય પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા હતા.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં નક્સલવાદ પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. બેઠકમાં આંધ્ર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી સામેલ થશે. ગૃહમંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે પાંચ કેન્દ્રીય મંત્રીઓ જે નક્સલવાદ પ્રભાવીત રાજ્યોના વિકાસમાં મદદ કરવા માટે જોડાયેલા છે, તેઓ પણ આ બેઠકમાં સામેલ થશે.

આ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા ઉપ સલાહકાર અને કેન્દ્ર તેમજ રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના વરિષ્ઠ અધિકારીઓ પણ બેઠકમાં ભાગ લેશે. ગૃહમંત્રાલયે કહ્યું છે કે કેન્દ્ર સરકાર માર્ચ 2026 સુધીમાં નક્સવાદ પ્રેરિત ઉગ્રવાદના જોખમને સંપૂર્ણ રીતે ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી સરકારની નીતિને કારણે ઉગ્રવાદી હિંસામાં 72 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે વર્ષ 2010ની સરખામણીમાં 2023માં મૃત્યુ આંકમાં 86 ટકાનો ઘટાડો થયો છે.

# RBI - MPC

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિની ત્રણ દિવસીય બેઠક આજથી શરૂ થશે. નિષ્ણાતોના મતે આરબીઆઈ ચાવીરૂપ વ્યાજ દરો યથાવત રાખે તેવી શક્યતા છે. ખાદ્ય ફુગાવો અને આર્થિક વૃદ્ધિના જોખમો આરબીઆઈ માટે મુખ્ય ચિંતાની બાબતો છે.

સરકારે રિઝર્વ બેંકને કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત છૂટક ફુગાવો 4 ટકાની અંદર જાળવવાનું કામ સોંપ્યું છે. આ મહિનાની શરૂઆતમાં સમિતિની પુનઃરચના કરવામાં આવી હતી. તેમાં ત્રણ નવા સભ્યો જોડાયા હતા. સમિતિના અધ્યક્ષ અને રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસ બુધવારે સમિતિની બેઠકના પરિણામો વિશે માહિતી આપશે.

# MP DRUGS SEIZED

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ગુજરાત ATS સાથે મળીને મધ્યપ્રદેશના ભોપાલમાંથી 1 હજાર 800 કરોડ રૂપિયાથી વધુની કિંમતનું માદક પદાર્થ જપ્ત કર્યો છે. આ કેસમાં બે લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. આ માદક પદાર્થ ભોપાલ નજીક બગરોડા ગામમાં કાર્યરત્ કારખાનામાંથી મળી આવ્યું છે.

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર સંદેશ લખી આ સમાચારની પુષ્ટિ કરી હતી અને માદક પદાર્થના દુરૂપયોગ સામેની લડતમાં ગુજરાત ATS અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આ સિદ્ધિ માદક દ્રવ્યોની હેરાફેરી અને દુરુપયોગ સામે લડવામાં અમારી કાયદા અમલીકરણ એજન્સીઓના અથાગ પ્રયાસોને દર્શાવે છે.

# HARYANA COUNTING

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી થવા જઈ રહ્યું છે. આ માટે ૯૦ જેટલા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું કે આ મતગણતરી કેન્દ્રો તમામ 22 જિલ્લાઓના મુખ્ય મથકો ખાતે બનાવવામાં આવ્યા છે. કાલકા અને પંચકૂલા વિધાનસભા વિસ્તારોમાં થયેલા મતદાનના મતોની ગણતરી પંચકૂલામાં તેમજ નારાયણગઢ, અંબાલા કેન્ટ, અંબાલા સિટી અને મુલના વિસ્તારોની મતગણતરી અંબાલામાં બનાવાયેલા ચાર કેન્દ્રો પર રવામાં આવશે.

તો યમૂના નગર જિલ્લાની ચાર બેઠકો માટે મતગણતરી યમુના નગરમાં બનાવાયેલા કેન્દ્રો પર થશે. આ રીતે જિલ્લાના દરેક મુખ્ય મથકે જે – તે જિલ્લાની વિધાનસભા બેઠકો માટે મતગણતરી થશે. સીસીટીવી કૅમેરા દ્વારા પ્રત્યેક સ્ટ્રૉંગ રૂમનું નિરીક્ષણ કરવામાં આવશે. ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીનોને ત્રણ સ્તરીય સુરક્ષામાં રાખવામાં આવ્યા છે. સ્ટ્રૉંગ રૂમની સુરક્ષા માટે હરિયાણા પોલીસ અને અર્ધસૈનિક દળો તૈનાત કરાયા છે.

# J&K– COUNTING

જમ્મૂ કાશ્મીરમાં પણ આવતીકાલે મતગણતરી હાથ ધરાશે. આકાશવાણી જમ્મૂના અમારા પ્રતિનિધિ સુનિલ કૌલ જણાવે છે કે મતગણતરીને લઈને જમ્મૂ કાશ્મીરમાં સઘન બંદોબસ્ત કરાયો છે.

જમ્મૂ કાશ્મીરની કુલ ૯0 બેઠકો માટે મતગણતરી થશે. રાજ્યમાં ત્રણ તબક્કામાં છેલ્લા દસ વર્ષની સરખામણીએ રેકોર્ડ બ્રેક મતદાન નોંધાયું છે. આવતીકાલે ૪૭૩ ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# GUJARAT VIKAS SAPTAH

ગુજરાત સરકાર આજથી વિકાસ સપ્તાહની ઉજવણી કરી રહી છે. 2001માં જ્યારે નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા, ત્યારથી અત્યાર સુધી રાજ્યની વિકાસ યાત્રાને દર્શાવવા માટે વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ દરમિયાન પ્રસિદ્ધ સ્થળો પર વિકાસ પ્રદર્શની સહિત ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સાથે જ ૩ હજાર કરોડથી વધુની વિકાસ યોજનાઓનો પ્રારંભ કરાશે. હેશટેગ વિકાસ સપ્તાહ ટ્રેન્ડ સાથે સામાન્ય લોકો સરકારના શાસન સંદર્ભે પોતાના વિચારો રજૂ કરી શકશે તેમજ આ આયોજનમાં ભાગ લઈ શકશે.

# ISRAEL ALERT

ગત વર્ષે 7 ઑક્ટોબરના રોજ હમાસે કરેલા આંતકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થતા ઇઝરાયેલમાં અલર્ટની સ્થિતિ છે. ઇઝરાયેલના સંરક્ષણ દળોએ ગાઝાથી સંભવિત રૉકેટ હુમલા સહિતના હુમલાઓની આશંકા વ્યક્ત કરી છે. જેને પગલે ગાઝા નજીક મોટી સંખ્યામાં અર્ધ સૈનિક દળો તૈનાત કરાયા છે.

દરમિયાન એક બંદૂકધારીએ ઇઝરાયેલના બેર્શેબામાં એક બસ સ્ટેશન પર હુમલો કરતા એક મહિલાનું મોત થયું છે, જ્યારે અન્ય 10 ગંભીર રીતે ઘવાયા છે. પોલીસે તેને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઉત્તરીય સરહદ નજીક તૈનાત ઇઝરાયેલના સુરક્ષા દળો સાથે મુલાકાત કરી.

દરમિયાન ગત સપ્તાહે ઇરાન દ્વારા કરાયેલા મિસાઇલ હુમલા પર જવાબી કાર્યવાહી માટેની ઇઝરાયેલની ધમકી બાદ ઇરાને આજે સવારે વિમાન મથકો પરથી થનારી તમામ ઉડાનો રદ્દ કરી દીધી છે.

# KIRAN RIJIJU INT

સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજૂએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂર્વોત્તરના રાજ્યો વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યા છે. એક સમાચાર એજન્સીને આપેલા ઇન્ટરવ્યૂમાં શ્રી રિજિજુએ જણાવ્યું કે મણીપુરની કેટલીક ઘટનાઓને બાદ કરતા પૂર્વોત્તરમાં શાંતિની સ્થિતિ છે.

(BYTE 0 કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂ)

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરે છે  અનિલ પટેલ

- આજે તમામ અખબારોએ અલગ અલગ સમાચારને હેડલાઇન બનાવી છે ગુજરાત સમાચારની હેડલાઇન છે- યમન, ઇરાક, સિરીયાના હજારો આતંકવાદી મેદાનમાં- આજે ઇઝરાયેલ પર મોટા હૂમલાની ભીતિ
- હિન્દુઓએ સુરક્ષિત રહેવું હશે તો એક જૂથ થવું પડશેઃ ભાગવત.. આ સમાચાર નવગુજરાત સમયની હેડલાઇન છે. આ જ સમાચાર ગુજરાત સમાચારનાં પ્રથમ પાને છે.
- દિવ્ય ભાસ્કર એક વિશેષ અહેવાલમાં જણાવે છે- દેશમાં પ્રથમ વાર 30 વર્ષથી ઓછી ઉંમરનાં રોકાણકારો પાસે 40 ટકા શેર
- માલદિવના રાષ્ટ્પતિ મોહમ્મદ મુઇઝ્ઝુની ભારત મુલાકાતના સમાચારને ઘણાં દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે .
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના અહેવાલ પ્રમાણે રાષ્ટ્રીય અવકાશ પંચે દેશના પાંચમા મૂન મિશનને મંજુરી આપી
- ફરજિયાત હેલ્મેટના કાયદાના થઈ રહેલા ભંગ અંગેના સમાચાર અમદાવાદ મિરરે પ્રથમ પાને હેડલાઇનમાં લીધા છે
- આ ઉપરાંત, યોગી આદિત્યનાથે મહાકુંભનો લોગો, વેબસાઇટ અને એપ લોંચ કરી, સરકારે 1.7 કરોડ સિમ કાર્ડ બંધ કર્યા, મહિલા ટી-20માં ભારતે પાકિસ્તાનને હરાવ્યું, ચેન્નાઇ એર શો દરમિયાન ભાગદોડમાં પાંચનાં મોત વગેરે સમાચાર પ્રથમ પાને જોવા મળે છે